ક્રમાંક : અનુદાન.૧/ઘ/૯૪-૯૫/૨૯૧૯૮/
૨૯૨૧૭
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોક નં.૧૨, ડા. જીવરાજ મહેતા
ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તારીખ:- ૬/૧૨/૧૯૯૪

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય :- બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
માં બિન શૈક્ષણિક કર્મચારીઓને બઢતી આપવા
બાબત...

ઉપર્યુકત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્યમાં આવેલી બિન સરકારી
માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં જ્યારે બિન શૈક્ષણિક કર્મચારીઓની જગાઓ
ખાલી પડે છે. ત્યારે તેવી ખાલી પડેલ જગા ઉપર બઢતી મેળવવા પાત્ર હોય તેવા
કર્મચારીઓને બઢતી આપવા માટે કેટલાક સંચાલક મંડળ દ્વારા કાર્યવાહી કરવામાં
આવતી નથી જેને લીધે અન્ય કર્મચારીઓ પર કામનું ભારણ વધે છે. તથા કર્મચારીઓ
ને નાણાંકીય નુકશાન વેઠવું પડે છે તેવી રજૂઆત બિન સરકારી માધ્યમિક/ઉચ્ચ
માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ દ્વારા આ કચેરી તથા સરકારશ્રીને
કરવામાં આવેલ છે.

મંડળ દ્વારા થયેલ સરકારશ્રીમાં લખેલ રજૂઆતના સંદર્ભમાં પુખ્ત
વિચારણા અંતે નીચે પ્રમાણેની સૂચનાઓ તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને
આપવામાં આવે છે. બિન સરકારી માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક

૧. નાણા વિભાગના તા. ૨૮/૧૧/૯૪ ના ઠરાવ ક્રમાંક:
અને ૨૮/૧૧/૯૨ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૧૦૯૨/૧૪૩૩/ઝ.૧/ અને શિક્ષણ વિભાગના
તા.૩/૪/૯૩ ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૩૯૩/૯૭૭/ગ, થી બિન શૈક્ષણિક કર્મચારી
ઓમાં કુલ જગાના ૧૦% કાપનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જો ૧૦% કાપમાં
બઢતીની જગા આવી જતી હોય તેવા સંજોગોમાં બઢતી આપતાં તરત જ જગ્યાખાલી
પડે તે પછી ભરી શકાશે નહિ.

૨. બિન સરકારી માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં જ્યારે બિન શૈક્ષણિક
કર્મચારીઓની જગા ખાલી પડે ત્યારે શાળા સંચાલક મંડળે આવી જગા પર સંસ્થામાં
કામ કરતાં બિન શૈક્ષણિક કર્મચારીઓ માટેની દરખાસ્ત જગા ખાલી પડયાના ત્રણ
માસ (૯૦) દિવસમાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કરવાના રહેશે.

૩. જે શાળા સંચાલક મંડળ નિયત સમય મર્યાદામાં બિન શૈક્ષણિક કર્મચારીને બઢતી
બઢતી આપવા જરૂરી લાયકાત ધરાવતા હોય છતાં પણ શાળા દરખાસ્ત ન કરે તો
તેની સામે શિક્ષાત્મક પગલા ભરવાનાં રહેશે.

આ અંગેની જાણ તમારા જિલ્લામાં આવેલી તમામ બિન સરકારી
માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાઓના આચાર્યો/ સંચાલક મંડળોને કરશો.
આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઉચ્ચ શિક્ષણ કમિશનરવતી,
ગુ.રા., ગાંધીનગર.

માધ્ય/બ-૧/પરિપત્ર/૯૪-૯૫/૮-૩૫૬
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
રાજકોટ.તા.૫/૧/૯૫

પ્રતિ,

આચાર્યશ્રી,
તમામ બિન સ.મા.શાળા,
રાજકોટ જિલ્લો.

તા.૫/૧/૯૫

ઉપરોકત બાબતે જાણ તથા યોગ્ય અર્થે

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ.
૧૬/૧

બિન શૈક્ષણિક કર્મચારીઓની બઢતી દરખાસ્ત ગ્રાન્ટને પાત્ર રાખવાની મંજુરી-
માગવાનું દરખાસ્ત પત્રકનો નમુનો.

( બે નકલ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં મોકલવી.)

---

૧: શાળાનું નામ અને સરનામું ..............................
૨: સંચાલક મંડળનું નામ અને સરનામું..............................
..............................
૩: શાળા શરુ થયાનું વર્ષ. ..............................
૪: **બઢતી મેળવનાર કર્મચારીની વિગત:-**

૧) નામ:- ......................
૨) હાલનો હોદ્દો:-................
૩) શૈ. લાયકાત :-................
૪) શાળામાં દા.તા.:-............
૫) પગાર ધોરણ :- .............

૫: બઢતી કયા હોદ્દો પર આપવાની થાય છે?..................
૬: કઈ તારીખ થી? ....................................
૭: **બઢતી વાળી જગ્યા ઉભી થવાના કારણો:-**

સંખ્યા વધવાથી
પ્રમોશનથી .
નિવૃતિ/મૃત્યુ/રાજીનામુ

૮: **વિદ્યાર્થીઓની સંખ્યાની ગણતરી:-**

| બઢતી પહેલા. | | | બઢતી પછી. | |
|---|---|---|---|---|
| ધોરણ | વર્ગ | સંખ્યા | વર્ગ | સંખ્યા. |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |
| ૧૧ | | | | |
| ૧૨ | | | | |
| કુલ.... | | | | |

૯: બિન-શૈક્ષણિક કર્મચારીઓની વિગતો :-

| | બઢતી પહેલા | બઢતી પછી. |
|---|---|---|
| પટાવાળા | | |
| લે.આ.પટાવાળા | | |
| જુ.કલાર્ક | | |
| સી.કલાર્ક | | |
| હેડકલાર્ક | | |

૧૦: વર્ગ દીઠ મહતમ સંખ્યાથી વધુ સંખ્યા હોય તો સક્ષમ ઓથોરીટીની મંજૂરી
મા આવી છે./નથી (માધ્ય.૪૫ થી વધુ ઉ.મા.૬૦ થી વધુ)

વિગત.

૧૧: બાંહેધરી :-

૧) વિદ્યાર્થીઓની સંખ્યામાં આકસ્મિક/અન્ય રીતે ઘટાડો થાય તો સમાયોજન માટે કર્મચારીઓની બાંહેધરી લેવામાં આવી છે. અને આ મતલબની વિગત મંડળના ઠરાવ માં કરવામાં આવી છે.

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક.(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક બમશ/૧૧૮૦/૧૧૮૬/ગ/તા.૮-૩-૮૨ ક્રમશ/૧૩૮૩/૫૯૫૫૮/ગ/તા.૨૨-૧૨-૮૩ અને તેમાં વખતો વખત થયેલ સુધારા પ્રમાણે આ દરખાસ્ત કરવામાં આવી છે.

(૩) મંડળ દ્વારા..................તારીખથી પ્રમોશન આપવા ભલામણ કરવામાં આવે છે. સમાન લાયકાત ધરાવતા સી.કલાર્કની જ દરખાસ્ત છે.

(૪) દરખાસ્ત.પત્રકોમાં જણાવેલ બાબતો શાળાના રેકર્ડ મુજબ ચકાસીને ભરેલ છે જે બરાબર છે.બઢતી આપવાથી ખાલી થનાર જગ્યા..........
હોદ્દો તા.૮-૩-૮૨ ના ઠરાવ મુજબ બાને હેઠળ છે./ નથી.

કર્મચારીની સહી                    આચાર્યની સહી     સંચાલક મંડળની સહી.

ક્રમાંક/
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વઢવાણનો ઉતારો, રાજકોટ
તારીખ:-

.................................શાળાના.....................હોદ્દો ધરાવતા શ્રી........................................ને મંડળના તારીખ.
..................ના ઠરાવથી .................હોદ્દો પર પ્રમોશન આપવાની દરખાસ્ત થઇ આવતા અને તે નિયમાનુસાર હોઇ તા..............થી બહાલ રાખવામાં આવે છે. સંખ્યા ઘટતા બઢતી પામનાર કર્મચારી પોતાના મૂળ જગ્યા પર પાયરી ઉતાર (રીવર્ઝન)થયેલ ગણાશે આ બાબતની નોંધ મજકુરની સેવાપોથીમાં કરવી પગાર નિયતિ માટે નિયત ફોર્મ અલગ રીતે રજુ કરી આ કચેરીના સહી/સિકકા કરાવી લેવાના રહેશે. અસલ સર્વિસ બુક સાથે.

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ જિલ્લો
રાજકોટ

આ સાથે સામેલ રાખવું:-
૧: મંડળનો ઠરાવ
૨: કર્મચારીની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો
૩: બિન શૈક્ષણિક કર્મચારીઓનું સ્ટાફ લીસ્ટ
(એન.ઓ.સી.દરખાસ્તમાં રજુ કરાતા નમુના પ્રમાણે)

'દવે'૩૦૧૨૯૨' "R.N" ઠક્કર